

શહેરમાં દબાણો થાય છે ત્યાં સુધી કોઈ ધ્યાન રાખતુ નથી. પછી પબ્લિકની ફરિયાદોને અનેકવારની રજૂઆત બાદ ધ્યાનમાં લેવાય. પરંતુ તે પણ ઘડી-બે ઘડી પછી તો જૈસે થે જેવી સ્થિતિ છે. સેક્ટર-૨૧ ફૂટપાથ પર બેસતા ફેરીયાઓ, બૂટ-ચપ્પલ, પ્લાસ્ટિકના વેચાણ કરનારાઓને અવારનવાર હટાવાય છે, થોડા કલાકો બાદ પાછા આવી જાય છે. આનો અર્થ શો કરવો તંત્રની બીક નથી કે તંત્રને રસ નથી. સવાલો અનેક છે, પરંતુ જવાબ કોની પાસે છે? (તસવીર : કશ્યપ નીમાવત)

# શુકન સ્કાય કૌભાંડમાં આરોપીઓના જામીન રદ કરવા કોર્ટને રીપોર્ટ

## આગોતરા જામીન માટે કોર્ટે કરેલી શરતોનું પાલન કરતા ન હોવાથી કોર્ટ ઓફ કન્ટેમ્પ તથા જામીન રદ કરવા કોર્ટને રીપોર્ટ કરાયો

ગાંધીનગર, તા. ૨૭

ચકચારી શુકન ગ્રુપના કૌભાંડમાં પ્રોપરાઈટર અને કુલ મુખત્યાર ધિરેન પટેલ અને મહેશ પટેલે આગોતરા જામીન મેળવ્યા હતા. કોર્ટે આગોતરા જામીન માટે કેટલીક શરતો કરી હતી પરંતુ તે શરતોનું પાલન બંને આરોપી કરતા ન હોવાથી ગાંધીનગર એલસીબીના તપાસનીસ અધિકારીએ બંનેના જામીન રદ કરવા અને કન્ટેમ્ટ ઓફ કોર્ટ કરવા માટે કોર્ટને રીપોર્ટ કર્યો છે.

કુડાસણ શુકન સ્કાયના પ્રોપરાઈટર ધીરેન પ્રહલાદ પટેલ અને શુકન સ્કાય કોર્પોરેશનનાં કુલ મુખત્યાર મહેશ રેવા પટેલ સહીત આખી ટોળકી સામે સે. ૭ પોલીસ સ્ટેશનમાં કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબ ગુનો દાખલ થયો હતો. જેમાં ધિરેન અને મુકેશ બંને આરોપીઓ નાસતા ફરતા હોવાથી તેમના વિરૂદ્ધ કોર્ટે સીઆરપીસી કલમ ૭૦ મુજબનું વોરંટ નિકાળ્યુ હતુ. ૧લી એપ્રીલે બંને આરોપીઓના કોર્ટે આગોતરા જામીન મંજુર કર્યા હતા. જેમાં આરોપીઓ પાસપોર્ટ ધરાવતા હોય તો તપાસનીસ અધિકારી સમક્ષ દિન-૩માં રજુ કરવા અને ન ધરાવતા હોય તો તે બદલનું સોગંદનામુ રજુ કરવા ઉપરાંત તપાસ કરનાર અમલદારને તપાસમાં સાથ-સહકાર આપવા શરતો મુકવામાં આવી હતી. તેમ છતાં બંને આરોપીએ કોર્ટના હૂકમનું પાલન કરી હૂકમનું અનાદર કર્યુ હોવાથી તેમના વિરૂદ્ધમાં કોર્ટ ઓફ કન્ટેમ્ટની કાર્યવાહી કરવા તથા જામીન રદ કરવા માટે કોર્ટને રીપોર્ટ કરવામાં આવ્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬
સૂર્યાસ્ત : ૭.૨૦

## તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**
મેડ મેક્સ (ઇંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશો. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. નવીનભાઈ રતિભાઈ પટેલ (ઉ.વ.૩૦) મુ. આલમપુર, તા.જી.ગાંધીનગર
- સ્વ. જશુમતીબેન સુર્યકાન્ત પટેલ (ઉ.વ.૯૪) પ્લોટ નં. ૨૭૭/૨, સેકટર-૫એ, ગાંધીનગર
- સ્વ. ગાયત્રીબેન ધનવંતરાય રાવલ (ઉ.વ.૬૨) પ્લોટ નં. ૧૭૧/૨, સેકટર-૧૪, ગાંધીનગર

# મ્યુનિ. ફુડ વિભાગ દ્વારા કેરી સહિતના અખાદ્ય પદાર્થોનો નાશ કરાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાના ફુડ વિભાગ દ્વારા તાજેતરમાં શહેરના વિભિન્ન વિસ્તારોમાં આવેલ દુકાનો, ખાણી પીણી બજારો તથા ફુડ પોઈન્ટ ઉપર ખાદ્ય પદાર્થોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં મહાનગરપાલિકા વિસ્તારના ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ નિયમો અન્વયે કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી અંતર્ગત વિભાગ દ્વારા અખાદ્ય પદાર્થો તથા પ્લાસ્ટીકના ૩૮ કિલો જેટલા જથ્થાનો નાશ કરાયો હતો. જયારે નિર્ધારિત નીતી નિયમોના ભંગ બદલ રૂપિયા ૩૯૦૦નો દંડ વસુલાયો હતો. ઉપરાંત વિભાગ દ્વારા કાર્બાઈડ દ્વારા પકવાતી ૧૦૫ કિલો કેરીના જથ્થાનો નાશ કરાયો હતો તથા રૂપિયા ૨ ૨૦૦૦ દંડ રૂપે વસુલાયા હતા.

# પેથાપુર ચોકડી પાસેથી બે ચંદનચોર એલસીબીના હાથે ઝડપાયા

## માણસામાં દિવસે ચંદન ખરીદવાની વાત કર્યા બાદ રાત્રે તેજ ઝાડ કાપીને ચોરી કરી ગયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર એલસીબીની ટીમ પેથાપુર ચોકડી પાસેથી પેટ્રોલીંગમાં નીકળી રહી હતી ત્યારે બાઈક પર જતા બે શખ્સોને શંકાસ્પદ જણાતા પકડ્યા હતા. તેમની પાસેથી ચંદનના લાકડા ભરેલો થેલો મળ્યો હતો. ઉંડાણપૂર્વક પુછપરછ કરતાં બંને ચંદન ચોર હોવાનું બહાર આવ્યું છે. માણસાના ખેડૂતને ત્યાં દિવસે ચંદનની ડીલ કરવા ગયા બાદ તે જ ઝાડ રાત્રે જઈને કાપી લઈ ચોરી કરી હોવાનું ખુલ્યુ છે. એલસીબીએ બન્ને શખ્સોની ધરપકડ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ આતુષોત પરમારની સુચનાથી તેમની ટીમ ચંદનચોરોને પકડવા કામે લાગી ગઈ છે ત્યારે ગઈકાલે એલસીબી પીએસઆઈ



એચ. કે. સોલંકી તથા તેમની ટીમે પેથાપુર ચોકડીથી બાઈક પર ચંદનનો કોથળો ભરીને જતાં બે શકમંદોને પકડી પાડ્યા હતા. આણંદના ખંભાત વિસ્તારના ગોરધન ડાભાઈ તળપદા અને પેટલાદના કાંતી પસા તળપદા પાસેથી સુખડ ચંદનના નાના-મોટા ટુકડા ભરેલી બે થેલીઓમાં ૧૭ કિલો ચંદન હતુ. તેમની પુછતાછ કરતાં જાણવા મળ્યું કે છેલ્લા ચાર-પાંચ માસથી માણસા આસપાસના વિસ્તારમાં ચંદનના ઝાડ હોવાથી ત્યાંના ખેડૂતો પાસેથી ખરીદી મંદિરોમાં હોમ હવન અને કર્મ ક્રિયામાં તેમજ છુટક વેચાણ કરતા હતા. દરમ્યાન ગઈ ૨૯ એપ્રિલના રોજ બિલોદરા ગામે વેચાણ લેવાના બહાને ખેડૂતના ચંદનના છ ઝાડ જોઈ આવી ચંદન વેચાણ લેવાની વાત કરી બંને જતા રહ્યા હતા અને મોડી રાતે માલીકની જાણ બહાર ઝાડ કાપી થડીયાનો વચ્ચેનો ભાગ કાઢી લઈ ચોરી કરી લઈ ગયા હોવાનું ધ્યાને આવ્યુ છે. બન્નેની ધરપકડ કરીને એલસીબીએ ચંદનચોરો માણસા પોલીસને હવાલે કર્યા છે.

## રાયસણ ખાતે આજે આનંદનો ગરબો યોજાશે

મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજવામાં આવશે. આજ રોજ ગુરુવારે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન દિપાલીબેન ત્રિવેદીના નિવાસ સ્થાન સન ફલાવર હાઈટસ રાયસણ પેટ્રોલ પંપની બાજુમાં યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સે-૬-બી ખાતે સુંદરકાંડ પાઠ યોજાશે

શહેરના સેકટર-૬-બી ખાતે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજવામાં આવશે. આગામી તા. ૩૦ મે, શનિવાર રાત્રે ૮.૩૦ વાગે ભિમદેવસિંહ કે. ગોહિલ પરિવારના યજમાન પદે તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૯૧/૧, સેકટર-૬-બી ગાંધીનગર ખાતે યોજવામાં આવશે.

## આજે વીર સાવરકરજીના તૈલચિત્રને મુખ્યમંત્રી પુષ્પાંજલિ અર્પશે

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ ગુરૂવાર તા. ૨૮મી મે એ સ્વાતંત્ર્ય મહાસંગ્રામના વીર વિનાયક દામોદર સાવરકરની ૧૩૩મી જન્મતિથીએ તેમના તૈલચિત્રને વિધાનસભા પોડિયમ ખાતે સવારે ૯ કલાકે આદરાંજલિ અર્પણ કરશે.

## આજે મુખ્યમંત્રીશ્રીનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ ગુરુવાર તા. ૨૮મી મે એ સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી નાગિરકોની રાવ-ફરિયાદ સાંભળશે અને તેના નિરાકરણ માટે માર્ગદર્શન આપશે. પ્રતિ માસના ચોથા ગુરુવારે યોજાતા આ રાજય સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ સ્વયં ઉપસ્થિત રહી નાગિરકોની રજૂઆતો સાંભળવાનો જે ઉપક્રમ પ્રયોજયો છે તે અન્વયે શ્રીમતી આનંદીબહેન ગુરુવારે બપોરે ૩ કલાકે મુખ્યમંત્રી કાર્યાલય જનસંપર્ક એકમમાં આ કાર્યક્રમમાં હાજરી આપશે.

# રવિવારે પણ મનપાની પ્રોપર્ટી ટેક્ષ શાખા ચાલુ રહેશે

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અમલી એડવાન્સ ટેક્ષ રિબેટ યોજનાને શહેરનાં મિલ્કતધારક કરદાતાઓ લાભ લઈ શકે એ હેતુ આગામી ૩૧મી મે ૨૦૧૫ના રવિવારે પણ પ્રોપર્ટી ટેક્ષ શાખા ચાલુ રાખવાનો ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ ૧૫-૧૬ માં મિલકત વેરાની મુળ રકમ ઉપર ૧૦ ટકા વળતરની યોજનાનો અત્યાર સુધીમાં શહેરના ૭,૭૫૨ કર દાતાઓએ લાભ મેળવ્યો છે. આમ હજુ પણ વધુ કરદાતાઓ સુધી આ વળતર યોજનાનો લાભ પહોંચે એ હેતુ આગામી રવિવારે પણ સવારે ૧૦.૩૦થી સાંજે ૪ કલાક સુધી શાખા ખુલ્લી રહેશે.

શહેરમાં મિલકત ધરાવતા કરદાતાઓને મિલકત વેરાની મુળ રકમ ઉપર ૧૦ટકા રિબેટ આપવા ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ગત તા. ૧લી એપ્રિલ ૨૦૧૫થી ૩૧મી મે-૨૦૧૫ સુધી વળતર યોજના અમલી બનાવાયી છે. જે કરદાતાઓનો વર્ષ ૨૦૧૪-૧૫ સુધીનો મિલકત વેરો સંપૂર્ણ ભરપાઈ થયેલ હોઈ તેવા કરદાતાઓને વર્ષ ૨૦૧૫-૧૬ના મિલકત વેરાની મુળ રકમ ઉપર ૧૦ ટકા વળતર આવા અમલી આ યોજનાનો અત્યાર સુધીમાં ૭૭૫૨ કરદાતાઓએ લાભ મેળવ્યો છે. દરમિયાન વધુમાં વધુ કરદાતાઓને આ યોજનાનો લાભ મળે એ એ હેતુ આગામી ૩૧મી મે રવિવારે પણ ટેક્ષ શાખા ચાલુ રાખવાનું ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજન કરાયું છે. ગાંધીનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આશરે ૫૫,૦૦૦ જેટલી રહેણાંક તથા કોમર્શિયલ મિલકતો નોંધાયેલ છે ત્યારે કરદાતાઓની સુવિધા હેતુ વિભિન્ન પ્રયાસો જારી છે. દરમિયાન કરદાતાઓ વ્યવસાય વેરાની રકમ સરળતાપૂર્વક ભરપાઈ કરી શકે તે માટે પણ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સુવિધા ઉપલબ્ધ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવતા કરદાતાઓએ પ્રોફેશનલ ટેક્ષ ગાંધીનગર મ્યુનિશિપલ કોર્પોરેશનની ટેક્ષ શાખામાં ભરવાનો રહે છે.

# પુન્દ્રાસણમાં દેશી દારૂના અડ્ડા પર એલસીબીનો દરોડો

## ૯૦૦ લીટર દારૂ બનાવવા વપરાતો વોશ અને ૧૫ લીટર દેશી દારૂ જપ્ત : બે બુટલેગરો ફરાર

ગાંધીનગર, તા.૨૭

પુન્દ્રાસણ ગામની સીમમાં દેશી દારૂનો વેપલો ચાલી રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે આજે બપોરના અરસામાં દરોડો પાડયો હતો. દેશી દારૂના અડ્ડા પરથી બુટલેગરો મળી આવ્યા ન હતાં પરંતુ દારૂ બનાવવા વપરાતો ૯૦૦ લીટર વોશ અને ૧૫ લીટર દેશી દારૂ મળી આવતા પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કરી બે બુટલેગરો સામે ગુનો નોંધી તેને શોધી કાઢવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમને બાતમી મળી હતી કે શહેર નજીક આવેલા પુન્દ્રાસણ ગામમાં દેશી દારૂનો અડ્ડો ચાલી રહ્યો છે જેને આધારે એલસીબીની ટીમે બપોરના સુમારે દરોડો પાડયો હતો. અડ્ડા પરથી ૧૫ લીટર દેશી દારૂ અને દારૂ બનાવવા માટે વપરાતો વૉશ મળી આવતા એલસીબીએ તમામ મુદ્દામાલ જપ્ત કર્યો છે. જો કે સ્થળ પરથી બુટલેગરો મળી આવ્યા ન હતાં. પોલીસે પુન્દ્રાસણના કાળાજી રામાજી ઠાકોર અને પોપટજી રામાજી ઠાકોર બંને શખ્સો સામે ગુનો દાખલ કરી રૂ. ૨૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પેથાપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો છે.



નૃત્યની કલા આદિકાળથી ચાલી આવ છે. અપ્સરાઓ પણ દેવો સમક્ષ નૃત્ય કરતી. નૃત્ય એ આજના યુવક અને યુવતીઓનો ખુબ જ પ્રિય શોખ છે. તદ ઉપરાંત નૃત્ય કરવાથી પુરા શરીરને કસરત મળે છે. ગાંધીનગરના પૂજન ડાન્સ કલાસીસ દ્વારા છેલ્લા સોળ વર્ષથી નૃત્યની કલા વેકેશન દરમિયાન શીખવાડવામાં આવે છે. વેકેશનમાં યોજવામાં આવતા વર્કશોપમાં ભૂલકાંઓ, યુવક-યુવતિઓ તેમજ ગૃહિણીઓ પણ હર્ષભેર જોડાઈને બોલીવુડ ફ્રી સ્ટાઈલ ડાન્સ, ટ્રેડીશનલ ડાન્સ, એરોબીકસ સહીતની ડાન્સની અવનવી સ્ટાઈલો શીખે છે. તાલીમ લીધેલાઓનો એક સ્ટેજ શૉ પણ કરવામાં આવે છે. (તસવીર : દિલીપ પ્રજાપતિ)



મનપા બિલ્ડીંગ પાર્કીંગ એરિયાનું હાલ મરામતનું કામ ચાલી રહ્યું છે જેના કારણે વાહનોનો જમાવડો જોવા મળે છે. છેક ઘ રોડ પર વાહનોની લાંબી કતારો જોવા મળે છે. (તસવીર : કશ્યપ નિમાવત)